| | |
|---|---|
| Client: Cable Corporation Of India | Date: 28th March, 12 |
| Publication: Vyapar | Page No: 3 |
| Edition/City | Media Evaluation: |

# સીસીઆઈને પાવર ગ્રીડ કૉર્પો.નો ૧૧૦ કેવી કેબલનો ઑર્ડર

કેબલ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા લિ. (સીસીઆઈ)એ પાવર ગ્રીડ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા પાસેથી રૂા. ૨૯ કરોડના મૂલ્યના ટર્નકી પ્રોજેક્ટ માટે ૧૧૦ કેવી ઇવીએચ કેબલનો સપ્લાય ઑર્ડર મેળવ્યો છે. કુલ ટર્નકી કૉન્ટ્રાક્ટમાં પૉંડિચેરીના વેનગઢા નગર અને મારાપલ્લમ સબસ્ટેશનોને જોડતાં ૧૧૦ કેવી અંડરગ્રાઉન્ડ પાવર કેબલ તથા ફાઇબર ઑપ્ટિક કેબલ પૅકેજના સપ્લાયનો સમાવેશ થાય છે. ઑર્ડરમાં સર્વેક્ષણ, આયોજન, ડિઝાઇન, એન્જિનિયરિંગ, ઉત્પાદન, સપ્લાય, ટ્રાન્સપૉર્ટેશન, વીમો, સાઇટ પર ડિલિવરી તથા કેબલ્સના કમિશનિંગનો સમાવેશ થાય છે. કુલ આશરે સાત કિ.મી. લાંબા રૂટ માટે લીડ શીથ તથા એચડીપીઈ આઉટર શીથ ધરાવતા સિંગલ કોર ૬૩૦ એસક્યુ એમએમ એક્સએસપીઈ કોપર કેબલ અને અંડરગ્રાઉન્ડ ફાઇબર ઑપ્ટિક્સ કેબલ (૨૪ ફાઇબર) તથા થ્રી-ફેઝ, સિંગલ સર્કિટ ટ્રાન્સમિશન માટેના તેની સાથેનું તમામ મટિરિયલ સીસીઆઈ પૂરું પાડશે. આ પાવર કેબલ લિન્ક ૧૧૦ કેવીનો વિદ્યુત પ્રવાહ સિંગલ સર્કિટ દ્વારા ટ્રેફોઈલ ફોર્મેશનમાં દરેક ફેઝમાં ૧સી × ૬૩૦એસક્યુ એમએમ સાઇઝના કોપર કન્ડક્ટર ધરાવતા કેબલ દ્વારા પસાર થશે.આ સિદ્ધિ અંગે જણાવતાં કેબલ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર હિતેન ખટાઉએ કહ્યું કે, ''આ પ્રોજેક્ટ સીસીઆઈ માટે ખૂબ જ પ્રતિષ્ઠિત છે.